નિયામકશ્રી આઇ.ટી.ની કચેરી,
આણંદ કૃષિ યુનિવર્સિટી – ૩૮૮૧૧૦
તા. ૦૮/૦૫/૨૦૧૨

# પરિપત્ર

***" આ.કૃ.યુ.ની વિવિધ કચેરીઓમાં કામ કરતાં તમામ વર્ગ ના કર્મચારીઓ તેમજ વિધ્યાર્થીઓ દ્વારા સંબન્ધિત કચેરી/હોસ્ટેલ માં કોમ્પ્યુટર/લેપટોપ અને અન્ય આઇ.ટી ને લગતા હાર્ડવેર, સોફ્ટવેર અને ઇંટરનેટ તેમજ અન્ય આઇ.ટી સેવાઓ નો યોગ્ય અને યુનિવર્સિટી હિતમાં ઉપયોગ કરવા માટેનો પરિપત્ર "***

આથી આ.કૃ.યુ.ની વિવિધ કચેરીઓમાં કામ કરતાં તમામ વર્ગ ના કર્મચારીઓને તેમજ વિધ્યાર્થીઓને સુચિત કરવામાં આવે છે કે આપની સંબન્ધિત કચેરી/હોસ્ટેલ માં કોમ્પ્યુટર/લેપટોપ અને અન્ય આઇ.ટી ને લગતા હાર્ડવેર, સોફ્ટવેર અને ઇંટરનેટ તેમજ અન્ય આઇ.ટી સેવાઓ નો યોગ્ય અને યુનિવર્સિટી હિતમાં ઉપયોગ કરવો. આ અન્વયે સદર આઇ.ટી ઉપકરણો કે સેવાઓનો ઉપયોગ માત્ર અને માત્ર યુનિવર્સિટી હિતમાં ઉપયોગ કરવો. તેમજ આઇ.ટી ઉપકરણોમાં માત્ર આપની કચેરીને લગતા જ લાયસંસ/ફ્રી/ ઓપન સોર્સ/ ઇવેલ્યુએશન કે ટ્રાયલ વરઝન વાળા સોફ્ટવેરોને જ પ્રસ્થાપિત (install) કરવા. કોઇપણ સંજોગો માં પાયરેટેડ સોફ્ટવેરોને પ્રસ્થાપિત (install) કરવા નહિ. આ ઉપરાંત આપની સંબન્ધિત કચેરીમાં સદર આઇ.ટી ઉપકરણો કે સેવાઓનો મારફત કોઇપણ પ્રકારની રમતો (Games), ઓડિયો કે વિડિયો ફાઇલનો અંગત વપરાશ માટે કોઇપણ સમયે ઉપયોગ કરવો નહી. કોમ્પ્યુટર નેટવર્ક/ઇંટરનેટ/વેબસાઇટ/ફાયરવોલ કે અન્ય આઇ.ટી ઉપકરણોની સુરક્ષાને હાનિ પહોંચાડે અથવા તેને સંબન્ધિત નિયમોનું પાલન ન થતુ હોઇ તેવા આઇ.ટી ઉપકરણો/સોફ્ટવેર કે સેવાઓનો નો ઉપયોગ કચેરીમાં કરવો નહિ. સદર બાબતોનું પાલન કરાવવાની જવાબદારી જે તે યુનીટ/સબ-યુનીટના વડાની રહેશે.

તમામ વર્ગ ના કર્મચારીઓને સુચિત કરવામાં આવે છે કે તેઓએ આ.કૃ.યુ.નુ ઇ-મેલ એકાઉંટ (@aau.in વાળુ) જ કચેરીના તમામ પ્રકારના ઇ-મેલ આધારિત કોમ્યુનિકેશન માટે વાપરવું. કર્મચારી તેમજ વિધ્યાર્થીઓના અંગત કે કચેરી દ્વારા અપવા માં આવેલ કોઇપણ આઇ.ટી ઉપકરણો કે જેની મારફત ઇંટરનેટ તેમજ અન્ય આઇ.ટી સેવાઓનો માં ઉપયોગ કરવામાં આવે છે તે માટે પણ ઉપરોક્ત બાબતો અસર કર્તા રહેશે. આ અન્વયે સદર આઇ.ટી ઉપકરણોની ચકાસણી કરતાં કોઇપણ જાતનો ગેર-ઉપયોગ થતો જણાશે તો તેની ગંભીર નોંધ લેવામાં આવશે અને જરુર જણાશે તો ભારત સરકારનાં આઇ.ટી. અધિનિયમ મુજબ પગલાં લેવામાં આવશે.

ઉપરોક્ત પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર યુનિવર્સિટી અધિકારીઓની મીટીંગ માં ચર્ચા કર્યા બાદ આ.કૃ.યુ.ની વિવિધ કચેરીઓમાં કામ કરતાં તમામ વર્ગ ના કર્મચારીઓને તેમજ વિધ્યાર્થીઓને સુચિત કરવા માટે જાહેર કરવામાં આવે છે.

-

સહી-
નિયામક (આઇ.ટી.)

નકલ રવાના :

1, કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારુ....

2, આ.કૃ.યુ.ના તમામ યુનીટ/સબ-યુનીટના વડા તેમજ તેમની મારફત સંબન્ધિત કચેરીમાં કામ કરતાં તમામ કર્મચારીઓ અને વિધ્યાર્થીઓ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.